## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**આજનો ઠરાવ એવો છે કે... હમણાં કોઈએ પણ... ટપલી દાવ ન કરવા... દાંત હાડકા ન તોડવા... અનશન ન કરવા... રસ, કચોરી, ગોટાની પાર્ટી ન કરવી... કેમકે ગાંધીનગરનાં મોટા ભાગનાં ડોક્ટરો વેકેશનમાં જવાના છે...!!**

# રાંધેજામાં વધુ ત્રણ નવા લિકેજીસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ

ગાંધીનગર, તા. ૧૨

રાંધેજા ગામમાં આજે સર્વેલન્સ દરમ્યાન નવા ત્રણ પાણીના લિકેજીસ મળી આવ્યા છે તેમજ ગામમાંથી લેવાયેલ પાણીના નમુનાઓ પૈકી ઘણા બધા નાપાસ થયાનું જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

રાંધેજામાં જો કે સાદા ઝાડાની ફરિયાદો નિયંત્રણમાં થઈ રહી હોવાથી તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે પરંતુ પાણીના ક્લોરીનેશનને લઈ હજુ તે ચિંતામુક્ત બન્યુ નથી.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ અત્યાર સુધીમાં ૩૧ હજાર જેટલી ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કર્યું છે તેમજ એક હજાર જેટલા ઓ.આર.એસ.ના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. રાંધેજા ગામમાં પાણીના ૭૮૫ જેટલા નમૂના મેળવી તેવા ક્લોરીનનો ટેસ્ટ કરાયો હતો જે પૈકી ૧૦૦થી વધુ નમુના નાપાસ જાહેર થયા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે પણ ટેન્કરથી પેયજળનો પુરવઠો આપવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી પણ યથાવત ચાલુ રાખવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પરિસ્થિતિને ઝડપથી કાબુમાં લેવા માટે બે ઓ.પી.ડી. પણ શરૂ કરવામાં આવી હતી જેથી સઘન અને ઝડપી સારવાર લોકોને ઉપલબ્ધ થઈ શકે.

રાંધેજામાં હજુ સુધી ૧૨ જેટલા લિકેજીસના મરામત પૂર્ણ થઈ ચુક્યા છે. હજુ દુરસ્તીકામ પૂર્ણ થવામાં એક-બે દિવસ લાગશે તેમ જાણવા મળેલ છે.




(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)




## સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ દિને પ્રદર્શન યોજાયું

આજે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસને ગાંધીનગરમાં પણ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. શહેરની સિવિલ હોસ્પિટલમાં નર્સ દિવસ નિમિત્તે ડાયાબીટીશ, બ્લડપ્રેશર, સ્ટ્રોક તથા અન્ય બીન ચેપીન રોગો પ્રત્યે જનજાગૃતિ કેળવવાના આશયથી ખૂબ જ સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન પેથાપુરના શારદા નર્સિંગ સ્કૂલના નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતી ૩૦ વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરાયું હતું. આ પ્રદર્શનનું ઉદઘાટન સિવિલના ચીફ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ તથા આસીસ્ટન્ટ ચીફ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ પુષ્પાબેન ઉપરાંત ધર્મેન્દ્રભાઈ અને અલ્પેશભાઈ વગેરેના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે જેની યાદમાં નર્સ દિવસ ઉજવાય છે તે ફલોરેન્સ નાઈન્ટીન્ગર્લને યાદ કરી ચીફ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટે વિદ્યાર્થીનીઓ તથા નર્સિંગ સ્ટાફને સંબોધતા જણાવ્યું હતું કે દર્દીઓને તકલીફ ના પડે તે જોવાની આપણી નૈતિક ફરજ છે. તેમણે દર્દીનું મહત્વ સમજાવતા સંસ્થા પ્રત્યે હંમેશા વફાદારી અને નિષ્ઠા દાખવવા પણ શીખ આપી હતી.

# ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા માટે પાણીની લાઈનનું ટુંકમાં જોડાણ અપાશે

**સરગાસણ પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરવા પાઈપલાઈન બાદ હાલ વિવિધ ઉદ્યાનોમાં લાઈનનુ જોડાણ આપવાની કામગીરી ચાલી રહી છે**

ગાંધીનગર તા ૧૨

શહેરના ઉદ્યાનોને પાણી પુરુ પાડવા માટે તંત્ર દ્વારા સરગાસણ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવાયો છે. જયારે ગટરનુ દુષિત પાણી બગીચાને પુરુ પાડી હરિયાળી નિખારવાની આ યોજના હેઠળ પાઈપલાઈનની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આ માટે રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ વિવિધ ઉદ્યાનો તેમજ સચિવાલય સંકુલ સહીતના વિસ્તારમાં પાણી આપવા માટે લાઈનને જોડાણ આપવાની કામગીરી ચાલી રહી છે.

શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા માટે માર્ગમકાન વિભાગ દ્વારા સરગાસણ ખાતે ગટરના દુષિત પાણીને શુધ્ધ કરવા માટેનો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. જેના આધારે નગરના બગીચાઓમાં પાણીની જરૂરીયાત સંતોષવા માટે પાઈપલાઈનનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. પાઈપલાઈનની કામગીરી પાછળ રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા પાઈપલાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. હાલ વિવિધ વિસ્તારના ઉદ્યાનોમાં પાણીનો સપ્લાય પુરો પાડવા માટે લાઈનને જોડાણ આપવા તેમજ સંપ બનાવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના સ્વર્ણિમ પાર્કમાં આ વ્યવસ્થાના આધારે જ પાણી પુરુ પાડવામાં આવે છે. જયારે શહેરના સરિતા ઉદ્યાન, સચિવાલય સંકુલ પુનિત વન સહીતના વિસ્તારમાં પણ સરગાસણના શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે જ પાણી પુરુ પાડવામાં આવે તે માટે પાઈપલાઈનની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. હાલ વિવિધ વિભાગો દ્વારા લાઈનના જોડાણની કામગીરી ચાલી રહી છે. જયારે આગામી દિવસોમાં આ ઉદ્યાનોમાં પણ પાણીનો સપ્લાય શરૂ કરી દેવાશે.

# યુવક કોંગ્રેસમાં સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ થઈ

ગાંધીનગર, તા. ૧૨

આગામી દિવસોમાં યોજાનાર યુવક કોંગ્રેસની ચૂંટણી સંદર્ભે સભ્ય નોંધણી ગત તા. ૭-૪-૧૬થી શરૂ થયેલ છે. સભ્ય નોંધણી કાર્યક્રમનું સમાપન ૧૪-૫-૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાકે થશે. જે અંતર્ગત ગાંધીનગર શહેર તેમજ જિલ્લા માટે નીમાયેલા ચૂંટણી અધિકારી (ડી.આર.ઓ.) પરમેશ ડોરીયા આજ રોજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય આવી પહોંચ્યા હતા. જ્યાં કાર્યાલય મંત્રી મંગલસિંહ સોલંકીએ તેઓનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી સાથે પરમેશ ડોરીયાએ ચૂંટણી સંદર્ભે પરામર્શ કર્યો હતો.

વધુમાં પરમેશ ડોરીયાએ જણાવ્યું હતું કે યુવક કોંગ્રેસમાં જોડાવા ઈચ્છતા તમામ યુવાનો ૧૪-૫-૧૬ સાંજે ૫.૦૦ કલાક પહેલા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે આવી સભ્ય બની શકાશે. વધુ સંખ્યામાં યુવાનોને યુવક કોંગ્રેસમાં જોડાવા ડોરીયાએ અનુરોધ કર્યો છે.

## કૃષિઉત્સવ લીધે ખેડૂતોનું જીવન ધોરણ વધુ સુધર્યુ

અમદાવાદ,તા. ૧૨

વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલે સને ૨૦૦૪થી રાજયમાં કૃષિ મહોત્સવની શરૂઆત થઈ ત્યારે રૂ. ૯ હજાર કરોડનું કૃષિ ઉત્પાદન આજે અગિયાર વર્ષ પછી ૧.૪૨ હજાર કરોડ જેટલું થવા પામ્યું છે તેમ જણાવી, આ કાર્યક્રમની સફળતા વર્ણવી હતી. મંગુભાઈ પટેલે ખેડુતોને તજજ્ઞોનું મળી રહેલું માર્ગદર્શન સફળ રહ્યું છે અને કૃષિ મહોત્સવને કારણે ખેડુતોનું જીવનધોરણ પણ ઉપર આવ્યું છે તેમ ઉમેર્યું હતું. ગુજરાત રાજયનો કૃષિ મહોત્સવ દેશ માટે પથદર્શક બની રહ્યો છે તેમ મંગુભાઈ પટેલે વધુમાં ઉમેર્યું હતું.

# સ્માર્ટસિટી પ્રોજેકટનો મોદી આરંભ કરાવે તેવી શક્યતા

### રામાપીરના ટેકરા ખાતે રિહબલીટેશન પ્રોજેકટ સહિતના અન્ય પ્રોજેકટો કાર્યરત કરવા માટેની હિલચાલ શરૂ થઈ

અમદાવાદ,તા.૧૨

દેશના ટોચના સ્માર્ટસિટી શહેરોની યાદીમાં જ્યારે અમદાવાદ શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવા સમયે શહેરમાં આગામી મહીને યોજાનારા સ્માર્ટસિટી અંતર્ગતના રૂપિયા ૫૫૦ કરોડથી પણ વધુ કીંમતના પ્રોજેકટોનો આરંભ કરાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે તેવી સંભાવના હોવાનું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં રામાપીરનો ટેકરો આવેલો છે.આ ટેકરા ઉપર મોટી સંખ્યામાં શ્રમજીવી પરિવારો વસવાટ કરી રહ્યા છે.આ પરિવારોને તેમના હાલના કાચા મકાનોને બદલે પાકા મકાન આપવા ઉપરાંત ૨.૬૩ લાખ સ્કેવરમીટર જગ્યાને રિડેવલપ કરી આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન,સેન્ટ્રલ પ્લાન હેઠળ રિહબલિટેશન કરી ગ્રીન સ્પેશ ઉભી કરવાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનો માટે એક ખાસ સ્માર્ટકાર્ડ તૈયાર કરવામાં આવનાર છે.જેની મદદથી અમદાવાદનો કોઈપણ નાગરિક આ એક જ કાર્ડની મદદથી એએમટીએસમાં મુસાફરી કરવા ઉપરાંત બીઆરટીએસમાં પણ મુસાફરી કરી શકશે.વળી આ કાર્ડની મદદથી શહેરીજન તેમનો મિલ્કતવેરો ભરપાઈ કરી શકશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની અન્ય સુવિધાઓ માટે પણ ઓનલાઈન પેમેન્ટ કરી શકશે.સત્તાધારીપક્ષના સૂત્રો તરફથી મળેલી માહીતી મુજબ,આ તમામ પ્રોજેકટ જેમનું સપનું છે તેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શરૂ થાય તેવી સંભાવના છે.તંત્ર દ્વારા આ માટેની તૈયારીઓ પણ જોરશોરથી કરવામાં આવી રહી છે.




## મનપાએ મફત છાશ વિતરણ કેન્દ્ર શરૂ કર્યું

ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમી સખત પ્રમાણમાં પડી રહેલ છે. આવી કાળઝાળ ગરમીમાં લોકોને લુ લાગવાની શક્યતાઓ રહેલી હોય છે તેને નિવારવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મહાનગર સેવાસદન ગેટ પાસે મફત છાશ વિતરણ કેન્દ્ર લોક સહયોગથી તા. ૧૨-૫-૨૦૧૬ના રોજ શરૂ કરવામાં આવ્યું છે. આ છાશ વિતરણ કેન્દ્રનો શુભારંભ મેયર પ્રવિણભાઈ ડી. પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, આઈએએસ તથા સ્થાયી સમિતિના ચેમરેન મનુભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો. આ છાશ કેન્દ્ર પર રોજ ૧૨.૦૦થી ૧૬.૦૦ કલાક સુધી છાશ વિતરણ કરવામાં આવશે. શહેરમાં અન્ય જગ્યાએ પણ ફત છાશ વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે.

# પ્રેક્ષાભારતી ખાતે યોજાયેલ સંતસંગ સભામાં રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંતી સભા, અમદાવાદ અને પ્રેક્ષાધ્યાન એકેડમી, કોબા દ્વારા મહાશ્રમણી સાધ્વીપ્રમુખા શ્રી કનક પ્રભાજીના



પાવન પ્રવાસ સ્થળ પ્રેક્ષાભારતી ખાતે આયોજિત સતસંગનો લાભ ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ લીધો હતો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે તેરાપંથી મહિલા મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્વચ્છ ભારત અભિયાનના બેનરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, ગૌતમ બૌદ્ધ અને મહાવીર અસાધારણ અને ક્રાંતિકારી માનવ હતા. તેમણે સમાજમાં પરિવર્તન લાવવાનું, સામાન્ય માનવને જીવનનો માર્ગ બતાવવાનું, મનુષ્યનું જીવન સ્તર ઉંચુ લાવવાનું અને જીવન કેમ સાર્થક થાય તે માટેના ઉમદા પ્રયત્ન કર્યા છે. બૌદ્ધ ધર્મ બહુ જ ઝડપભેર સમગ્ર વિશ્વમાં સ્થાપિત થયો હતો પણ ભારત દેશમાં કોઈ પણ કારણોસર બહુ પ્રસરી શક્યો નથી. પરંતુ આજે જૈન ધર્મના અનેક અનુયાયી દેશભરમાં છે. જૈન સમાજની વિશિષ્ટતા એ છે કે તેણે મનુષ્યના જીવનને ટકાવી રાખવા માટે અહિંસાનો માર્ગ અપનાવવા આગ્રહ રાખ્યો છે. જેથી જૈન સમાજ આર્થિક અને ધાર્મિક દૃષ્ટિએ સંપન્ન છે.

રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મનુષ્યમાં રહેલ જીદ જ મનુષ્ય-મનુષ્ય, પરિવારના સભ્યો અને દેશ-દેશ વચ્ચે ઝઘડા, લડાઈ અને તંગભરી સ્થિતિનું નિર્માણ કરે છે. પરંતુ જૈન સમાજે વિચારની ઉદારતા આપવાના માર્ગને પ્રાધાન્ય આપ્યું છે.

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી અને સાધ્વી પ્રમુખા શ્રી કનક પ્રભાજીએ એક સાથે બેસીને વિચારોની આપ-લે પણ કરી હતી. આ સંતસંગ સભામાં જૈન તેરાપંથી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# કૃષિને ઉદ્યોગનો દરજ્જો આપી ખેડૂતોના હિતને મહત્વ અપાયું

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગ્લોબલ વોર્મિંગની પલટાતી સ્થિતિ સામે ચિંતા વ્યકત કરતાં કુદરતીસ્ત્રોતોનો સમજપૂર્વકનો ઉપયોગ કરવાનો સમય હવે આવી ગયો છે. તેમ નવસારી ખાતે યોજાયેલા બારમા કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું. તેમણે નવીન ટેકનોલોજીના સથવારે પાણીના મર્યાદિતસ્ત્રોતનો ઉપયોગ કરીને લેવાતા પાકોનો ઉલ્લેખ કરીને, દક્ષિણ ગુજરાતના ખેડુતોમાં હવે ટપક સિંચાઈ પદ્ધતિ સ્વીકૃત બની રહી છે તેના આનંદ વ્યકત કર્યો હતો. શરૂઆતના તબક્કે માત્ર એકલાખ હેક્ટરમાં ડ્રીપ ઈરીગેશન થતું હતું. રાજય સરકારે આ ક્ષેત્રે પ્રોત્સાહક પગલાં લેતા હવે ૧૨ લાખ હેક્ટરમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે તેમ તેમણે ઉમેર્યું છે. ખેતીમાં વર્મી કમ્પોસ્ટના ઉપયોગની હિમાયત કરતાં આનંદીબેન પટેલે કૃષિ ઉત્પાદનના નિકાસ માટે રાજય સરકારે હાથ ધરેલા પગલાંઓનો પણ ખ્યાલ આપ્યો હતો અને રાજયમાંથી દેશ વિદેશમાં નિકાસ માટે અમદાવાદમાં શરૂ કરેલા ખાસ કાર્ગોની વિગતો આપી હતી. કૃષિકારોના ઉત્પાદનની જાળવણી અને તેનો સંગ્રહ કરવા માટે રાજય સરકારે ખેડુતોના ખેતરોમાં ટાંકા બનાવવાની યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીએ પાકમાં વેલ્યુ એડીશન માટે તથા ઓર્ગોનિક ખેતી માટે હાર્દભરી અપિલ કરી હતી. રાજયના ખેડુતોના આકસ્મિક મૃત્યુ અંગે અપાતી રૂ. ૧ લાખની સહાયમાં માતબર વધારો કરીને હવેથી આ સહાય રૂ. ૪ લાખ સુધીની કરી છે. તેનો ખ્યાલ આપી મુખ્યમંત્રીએ નેસમાં રહેતા પશુપાલકો અને પશુઓના મૃત્યુના કેસમાં પણ રાજય સરકારે વળતરની રકમમાં કરેલા વધારાની વિગતો આપી હતી. આનંદીબેન પટેલે અગાઉ ખેડુતોને ૧૨ ટકાના દરે મળતા ખેતી ધિરાણના વ્યાજની રકમ ઘટાડીને હવેથી ૧ ટકાના વ્યાજદરે ખેડુતોને સરળતાથી ધિરાણ મળી રહે તેવી વ્યવસ્થા રાજય સરકારે કરી હોવાનું ગૌરવ સહ જણાવ્યું હતું. સને ૨૦૧૬-૧૭ના વર્ષથી અમલી આ યોજનાનો લાભ સને ૨૦૧૫-૧૬નાં લાભાર્થી ખેડુતોને પણ મળી રહે તે માટે વિશેષ રૂ. ૩૭૫ કરોડની બજેટ જોગવાઈ સાથે એક વર્ષ પહેલાં જ આ યોજનાનું અમલીકરણ હાથ ધરીને આ રાજય સરકારે ખેડુતોના હિંતની સેવી છે.



## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી ઈન્ચાર્જ તરીકેનો વધારાનો ચાર્જ આજે ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગને સંભાળી લીધો છે.

● સે. ૨૧માં આવેલ જીમખાનામાં આજે સવારે વીજળી વેરણ થતાં ઈન્ડોર ગેમ્સના રમતવીરો રમી શક્યા ન હતા અને નિરાશ થઈ ઘરે પરત ફર્યા હતા.

● ગુજરાત યુનિ.એ તમામ વિદ્યાશાખાઓમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દાખલ કરી દીધી છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં ઠંડા પીણા અને આઈસ્ક્રીમની ખપત વધી છે.

● સ્વર્ણિમ સંકુલ-૧માં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના પતિ શ્રી મફતભાઈ પટેલને પ્રવેશતા અટકાવી પોલીસે ઓળખની વિગતો માંગી હોવાની વાતે ભારે ચર્ચા જગાવી છે.

● મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સોમવારે દિલ્હીમાં પ્રધાનમંત્રીએ બોલાવેલી બેઠકમાં હાજરી આપવા જઈ રહ્યા છે.

## સંસદસભ્ય પ્રવીણ રાષ્ટ્રપાલના નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજયસભાના સભ્ય પ્રવીણ રાષ્ટ્રપાલના દુઃખદ નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ પ્રવીણ રાષ્ટ્રપાલ ગરીબ અને પછાત લોકોના કલ્યાણ કાર્યમાં જીવનપર્યંત સક્રિય રહ્યા હતા. તેમના નિધનથી સમાજને નિષ્ઠાવાન સેવકની ખોટ પડી છે.

ઈશ્વર દિવંગતના આત્માને ચિરશાંતિ આપે અને તેમના શોક સંતપ્ત પરિવારજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે, તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

## પ્રવીણ રાષ્ટ્રપાલને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યસભામાં ગુજરાતના સાંસદશ્રી પ્રવિણચન્દ્ર રાષ્ટ્રપાલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેને સ્વ. શ્રી રાષ્ટ્રપાલ સમાજના વંચિતો-પદ દલિતોના ઉત્થાન માટે આજીવન સક્રિય રહ્યા તેની સરાહના કરતાં તેમના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી છે.